**Moti Vēnti Ginan Recitation Project**

**Day 1**

એજી આદમ આદ નીરીંજન, નરગુણુ આપે અરૂપ;
અસલ અમારા સામી તમે, જુદા પડીયા થઈ રૂપ...
મહેર કરો મોરા સાંહીયા, અબળા શરણુ તમારી. ૧
એજી અનત જુગ અમને વહી ગયા, રૂપ ધરતા આવીયા;
વેનતી કરતા અમને ભવ થયા, સામી તમે જોડ જોડાવો...મહેર. ૨
એજી સુનકાલ માંહે સામી અનત ચલત્ર કીધા, નીરીંજન રૂપે
રમીયા;
જુના જોગી વીલંબ શું કરો, રહેશો કેટલુંક સામી...મહેર. ૩
એજી સોલ થડ માંહે સામી તમે રમત કરી, તેના શું કરૂં વખાણુ;
તે દીનની વીનતી અમ તણી, સામી તમે ધરજો કાન....મહેર. ૪
એજી ધંધુકાર માંહે નીરીંજન રૂપે, સામી તમે ધ્યાનજ ધરીયા;
જેણે જુમલે તમને જાણીયા, તે મુનીવરને તમે વરીયા...મહેર. ૫
એજી કલપમાંહે કરોડીયું તારીયું, અલખ આપે લખાયા;
જખ, મેઘ, કીનર, તેત્રીસ, સુધા કરી તમને ધ્યાયા....મહેર. ૬
એજી જુગા જુગની હું આશવંતી છું, નીકાહ કીધી નાંય;
હવે અમે થયા ભર જોબનમાં, લજા રાખો ત્રીભોવરના રાય...
મહેર. ૭
એજી પીર હસન કબીરદીન નારી થઈને વીનવે, શ્રીવર સામીને
વળગું;
આજ કલજુગ માંહે જો ગુર નરને ઓળખો, તો કદી નહી થાશે
અળગું...મહેર. ૫૦

**Day 2**

એજી હેલ ભરી સામી અમે આવીયા, સામી અમારી હેલ ઉતારો;
રખે પાછી હેલ ફેરવો, બક્ષો દોશ હમારા...મહેર. ૮
એજી છેડો નાંખીને સામી ઢાંકજો, અવગુણ અમ તણા આય;
અમે તો અબળા આધીન છું, લજા તમારી હો રાય....મહેર. ૯
એજી સામી હું આશવંતી અનત જુગ તણી, સુણો હો ત્રીભોવર
રાય;
ભર જોબન મારો આવીયો, હવે અમે રહેસું લજાઇ...મહેર. ૧૦
એજી ચાર જુગમાં અનત રૂપે હું ફરી, નીકા તોય ન થાય;
નીકા પડો મારા નાથજી, મહેર કરો જાદુરાય...મહેર. ૧૧
એજી સામી અમે એકલી કેટલીક રહું, દીન દુઆગમાંહે જાય;
દુઆગ ટાળીને સામી સુહાગ કરો, લજા રાખો ચઉદ ભમણના
રાય...મહેર. ૧૨
એજી માત તાત બેની બંધવા, નથી રાખતી કોય;
શરણ તમારે આવી હું રહી, લજા તમારી હો રાય....મહેર. ૧૩
એજી સામી લાજ અમારી જો જાયશે, તો ખોટ બેસશે તમને;
જારે મીજલસ મેલાવો કરશો, તારે અરૂખડી મ કરશો અમને
....મહેર. ૧૪
એજી પીર હસન કબીરદીન નારી થઇને વીનવે, શ્રીવર સામીને
વળગું;
આજ કલજુગ માંહે જો ગુર નરને ઓળખો, તો કદી નહી થાશે
અળગું...મહેર. ૫૦

એજી તારે અમે ત્યાં પુકારશું, જારે તખતે બેસશો હો રાજ;
આદ ઉણીયાદથી કર ઝાલીયા, તે કેમ મેલો આજ ..મહેર. ૧૫
એજી સામી અવગુણ અમતણા મ જુઓ, અમે છીએ ગુનેહગાર;
છેડા નાંખીને સામી ઢાંકજો, હું છઉં બાળ કુંવાર....મહેર. ૧૬
એજી સામી મા બાપ અમને જનમ્યા, સોંપીયા તમારે શરણ;
હવે હાથ ઝાલ્યાની લજા આણજો, તારો તમે તારણહાર...મહેર. ૧૭
એજી સામીજી નારીયું તમારી અતી ઘણી, મુજ સરીખી
લાખો લાખ;
તમે છો અલખ નીરીંજન, અમે છીએ ધુળી ખાક....મહેર. ૧૮
એજી સામી હાથ ઝાલ્યાની લાજ આણજો, અલખ લખાવો
તમે પ્રેમનો પાર;
પ્રીત કરીને અમને પરણજો, અમે છીએ ગુનેહગાર....મહેર. ૧૯
એજી ભરજોબન મારૂં આવીયું, સામી એકલા નહી રહેવાય;
બહાર જવાનો એબ છે, નીકા કરી પરણો હો રાય....મહેર. ૨૦
એજી જાન લઈને સામી આવજો, વાર મ કરશો લગાર;
મહેર કરીને સામી આવજો, હું છઉં તમારી નાર....મહેર. ૨૧
એજી પીર હસન કબીરદીન નારી થઈને વીનવે, શ્રીવર સામીને
વળગું;
આજ કલજુગ માંહે જો ગુર નરને ઓળખો, તો કદી નહી થાશે
અળગું...મહેર. ૫૦

એજી સામી તમારે નામે તો હું ચડી, ચડી તે ચોકબજાર;
જયાં કલપ જુગનાં જીવ મળશે, કરોડા કરોડ અપાર...મહેર. ૨૨
એજી અનત જીવ જુગનાં મળશે, તેમાં તમે આવજો આપ;
ઢુંઢતા ઢુંઢતા સામી આવજો, અબળા નારીની પાસ....મહેર. ૨૩
એજી ચાલી ચાલી હું થાકી રહી, સામી હવે નહીંરે ચલાય;
અવગુણ અમારા સામી તમે મ જુઓ, સામી હવે નહીંરે રહેવાય
...મહેર. ૨૪
સામી જલ વીના મછલી જેમ તડફડે, તેમ નર વીનાની નાર;
પરણવાનો સામાન સામી લાવજો, વાર મ કરશો લગાર...મહેર. ૨૫
એજી સામી પુરણ પરીબ્રહ્મ તમે અલખ રૂપી, જુગતી શું
વખાણું તમારી;
તેજ સરૂપી સુંદરી, કરોડા કરોડજ નારી...મહેર. ૨૬
એજી સામી એવી નારીયું તમારી અરશાનીયું, બહુ છે રૂપ
અપાર;
અમે તો અરૂખડી અરૂપડી, તેની લાજ રાખજો ભરથાર...મહેર. ૨૭
એજી સામી તમારે ચરણે ચીત ચોંટી રહ્યું, બીજા કેનેરે વળગું ?
બીરદ અમારો છે સામી તમે વરો, ક્ષણ મ કરજોરે અળગું....
મહેર. ૨૮
એજી પીર હસન કબીરદીન નારી થઈને વીનવે, શ્રીવર સામીને
વળગું;
આજ કલજુગ માંહે જો ગુર નરને ઓળખો, તો કદી નહી થાશે
અળગું...મહેર. ૫૦

એજી સામી લાજ અમારી તમે રાખજો, બીજે હાથે કેમરે જવાય;
તમારા નામનો નાળીયેર આવીએ:, બીજો કેમ જોવાય....મહેર. ૨૯

એજી આધીન થઇને હું વીંનતી કરૂં, સામી તમે સાંભળજો
કરણ;
કાંઇક આધીનપણે બક્ષજો, સામી- તમે અશરણના શરણ....મહેર. ૩૦

એજી સામી અબળા તે આતુર અતી ઘણી, નયણે ઝરે છે નીર;
તમ નરને નારીસું ઘણીસું, મારી જાણોને પીડ....મહેર. ૩૧

એજી સામી કહી કહી હું કેટલું કહું, સામી તમે છો રંગી રાય;
મહેર કરીને સામી મુને મળજો, તો મારી રહેશે લજાય....મહેર. ૩૨

એજી અવગુણ અમારા તમે મનમાં મ ધરો, હું છઉં અબળા
આધીન નાર;
જોબન વંતી હું થઇ, હું છઉં બાળ કુંવાર...મહેર. ૩૩

એજી અંબર આભુશણ જે જોઇએ, તે સામી સરવે હું લાવું;
એતો અમારો સામી અમને મળે, તો શણગાર શોભતી હું આવું
...મહેર. ૩૪

એજી સામી હું આદ ઉણીયાદથી વીનવું, જપુ સાસ ઉસાસ;
રોમે રોમે સામી તમે રમી રહ્યા, તો પાપ અમારા સરવે થાય
નાશ....મહેર. ૩૫

એજી પીર હસન કબીરદીન નારી થઇને વીનવે, શ્રીવર સામીને
વળગું;
આજ કલજુગ માંહે જો ગુર નરને ઓળખો, તો કદી નહી થાશો
અળગું...મહેર. ૫૦

**Moti Vēnti Ginan Recitation Project**

**Day 6**

એજી સામી તમારા નામને પરતાપે કરી, જાઉં સરગજ માંહે;
ત્યાં કેટલાક ચોર આડા બેઠા, તે તમારા નામથી અળગા થાય....
મહેર. ૩૬

એજી સામી અતી દુઃખ છે સરગની વાટમાં, તે તમારા નામથી
દુઃખ દુરજ થાય;
સતગુર સાહેબ તો એક છે, તે નામ ભેદથી ઓળખાય....મહેર. ૩૭

એજી સામી તમારા નામને પરતાપે કરી, મહા સમુદ્ર હેવે માર્ગ;
આવો કંથ કીરપા કરો, લાગું તમારે પાય....મહેર. ૩૮
એજી સામી ગદ ગદ કંઠે તમને વીનવું, હું વિરેહવંતી મનમાંહે;
વેલા થઇને સામી આવજો, મારો ભરજોબન રહ્યો નવ જાય...
મહેર. ૩૯

એજી સામી કલજુગની નજરૂં ઉંધીસું, તે કરડી નજરે જોય;
કદાચ સામી અમ માંહે ભુલ પડે, તો હોય તડ ફરવું હોય;
....મહેર. ૪૦

એજી મહેર કરો મોરા જોગીયા, લેજો અમને ઉગાર;
કુડ કપટે કલજુગ ભરીયો, તેમાં વેલા કરજો અમારી સાર....
મહેર. ૪૧
એજી સામી મા બાપ સરવે રાજી છે, તમારા પરણવા માંહે;
વ્હેલા આવીને સામી પરણજો, રખે વારજ થાય...મહેર. ૪૨
એજી પીર હસન કબીરદીન નારી થઇને વીનવે, શ્રીવર સામીને
વળગું;
આજ કલજુગ માંહે જો ગુર નરને ઓળખો, તો કદી નહી થાશે
અળગું...મહેર. ૫૦

## Day 7

એજી સામી ભરજોબન મારૂં પાકીયું, બ્હાર નીકળતાં લાજજ થાય;
અજ્ઞાનની આંચ કલમાંહે ઘણી, સામી રખે વણસી જાય...મહેર. ૪૩
એજી ચોરી બાંધીને સામી પરણજો, સરવે સંસાર માંહે;
જાહેર થઇને સામી શાદી કરો, તો અમને સોહાગજ થાય....
મહેર. ૪૪
એજી સોહાગ સામી મારા આપજો, જે અનતથી ઉઠાય;
ઉણા પુરા જે આશવંતા, સામી સરવે પાર લંગાય...મહેર. ૪૫
એજી નીંદાને જે કોઇ ઓચરે, તે ગુર નરથી રહેશે દુર;
તેને શેતાન ચોફેરથી ફરી વળે, તેને ગીનાન નહીં સુજેરે સુર.
...મહેર. ૪૬
એજી એલમ વીના જે વાત છે, તે હઇડો કુટીને જાય;
એવા જીવ અમથી અળગા રાખજો, તો અમને સોહાગજ હોય.
....મહેર. ૪૭
એજી સાંભળો રીખીસર કરણી કરો, તો દેવને મન ભાવો;
સુકરીતે [illegible] ઓળખો, તો આપે અરપીને આવો...મહેર. ૪૮
એજી સત શબ્દે શાસ્ત્રે ચાલજો, તો સતગુર સંગત થાય;
સતગુરને રદેહ રાખો મુનીવરો, તો પ્રેમજ પાઓ...મહેર. ૪૯
એજી પીર હસન કબીરદીન નારી થઇને વીનવે, શ્રીવર સામીને
વળગું;
આજ કલજુગ માંહે જો ગુર નરને ઓળખો, તો કદી નહી થાશે
અળગું...મહેર. ૫૦